| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૯–૦૭–૨૦૦૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૯–૦૭–૨૦૦૮ |
| ફેંસલ તારીખ | ૦૬–૦૭–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

**મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ**

**ફોજદારી કેસ નં.–૧૨૦૯/૨૦૦૮**
આંક–

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //વિરૂદ્ધ //––**

**આરોપીયો–**
**(૧)વીજયસીંગ લાલસાબસીંગ રાજપુત,**

**(૨)બિનોદકુમાર શ્રીરામપરવીગસીમગ રાજપુત,**

**(૩)રામસીંગ નરેનદ્રસીંગ રાજપુત,**

**(૪)શશીનાથસીંગ ઉર્ફે સોનુ ચંન્દ્રમાસન રાજપુત,**

**(૫) જીતેનદ્રસીમગ શીવપ્રસાદસીંગ રાજપુત,**

**(૬)તરમવીરસીંગ ગરબીતસીંગ મજલી,**

**(૭) જગદીશસીગ કરતાલસીગ ,**

**(૮)સુરજીતસીંગ મંગલસીંગ ,**

**(૯)શરણબીરસીગ સામતસીંગ જાટ,**

**(૧૦)ધર્મેનદ્રસીંગ કલવતસીંગ મજબી,**

**(૧૧)નિર્મલસીંગ ખજાનસીંગ શીખ,**

**(૧૨)મંગલસીળ હરીસીંગ શીખ,**

**(૧૩)સુખજીતસીંગ જ્ઞાનસીમગ મજબી,**

**(૧૪)બલવતસીંગ ત્રીવેણીસીંગ રાજપુત,**

**(૧૫)પંકજકુમાર લાલસાબ સીંગ,**

**(૧૬)કશ્મીરસીંગ બચનસીંગ શીખ**

**રેહ.નં.૧ થી ૫ ,૭, ૯થી ૧૬એલ.સી.બી.કોલોની કાનાલુશ તા. લાલપુર નં. ૬ તથા ૮ મોટી ખાવડી તા.લાલપુર મુળ રેહ.બીહાર.**

---

**ગુન્હો–ઇ.પી.કો.કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૨૪, ૩૩૨, ૧૮૬, ૪૨૭, ૩૩૭ મુજબનો...**

---

---

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કુ.કે.કે.પટેલ

આરોપી પક્ષ તર્ફે વિ.વકીલ શ્રી કોઇ નહી.

---

## –// <u>ચુ કા દો</u> //–

(૧).. આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મેઘપર પડાણાપો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૮૨૭૨૦૦૮ થી, તા. ૨૩/૦૬/૨૦૦૮ ના રોજ ઈ.પી.કો. કલમ– **૧૪૩,૧૪૭૧૪૮,૩૨૩,૩૨૪,૩૩૨,૧૮૬,૪૨૭,૩૩૭** મુજબનો ગુનો નોંધાયેલ છે. જેમાં ફરીયાદ આપનાર આરઇપીઇએલઇકંપની ના સીકયુરીટી મહીપાલસીંહ પાલુસીંહ નાએ બીહારી મજુરો ના આઠસો થી નવશો મજુરોના ટોળા તથા પંજાબી મજુરોના સો થિ દોઢસો મજુરોના ટોળા સામે એ મતલબની ફરીયાદ આપેલ છે કે બીહારી અને પંજાબી મજુર વચ્ચે ઉછિના પૈસાની લેવડ દેવડ બાબતે તકરાર થતા બન્ને તર્ફેના મજુરો ના ટોળાએ એક બીજા સામે પથ્થરમારો કરી અને કંપની ના વાહનને નુકશાન કરી તથા ઇજા પામનારાઓને પથ્થર મારામાં ઇજાઓ

કરી ગુનો આચરેલ છે તે મતલબની ફરીયાદ દાખલ થયેલ છે.

(૨).. ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીની અટક કરેલ છે અને કોર્ટ રૂબરૂ રજુ કરતા આરોપીયોને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીયો જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ ત.ક.અમલદારે તપાસ કરતા આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ જેથી ત.ક.અમલદારે આરોપી સામે ઈ.પી.કો. કલમ– **૧૪૩,૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૨૪, ૩૩૨, ૧૮૬, ૪૨૭, ૩૩૭** મુજબનુ ચાર્જશિટ દાખલ કરેલ છે.

(૪).. આરોપીયો સામે ચાર્જશીટ દાખલ થયેલ હોઈ અને આરોપી જામીન મુક્ત થયેલા હોઈ જેથી ધોરણસરના સમન્સ આરોપીયોને કાઢવામાં આવેલ છે જે બજી જતા આરોપી હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ ગુનાના કામે આરોપીયો સામે લાંબા શમયથી પકડ વોરંટ બજેલ નહોય અને આરોપીયો।ના જામીનદારોએ જામિનની રકમ ભરપાઇ કરી દીધેલ હોય આરોપીયોની ગેર હાજરીમાં ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવાનો હુકમ થયેલ છે.

(૬).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવાઃ**–

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૫૦ | સુબલસાહુ બંસીધર સાહુની સોગંદ પરની જુબાની. |

(૭)..આ સીવાય ફરીયાદ પક્ષ ના સાહેદોને વારંવાર પ્રોસેસ કાઢવામાં આવેલ છે પરંતુ પ્રોસેસો બજેલ નથીં અને હવે આ સાહેદો ચાર્જસીટમાં જણાવેલ સરનામે રેહતા નથી અને નોકરી છોડી ચાલ્યા ગયેલ છે તેવા રીલાયન્સ કંપનીના જુદી જુદી તારીખ ના પત્રો રજુ થયેલ છે અને ફરીયાદપક્ષના સાહેદો કમી કરવાના હુકમો થયેલ છે.

**આ કામે તપાસ કરનાર અમલદાર મરણ ગયેલ છે.**

(૮) ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૫૦ થી સુબલ સાહુ બંસીધર સાહુ ને તપાસેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, " બનાવ શને ૨૦૦૮ માં બનેલો .તે વખતે મારી મેસ રીલાયન્સ કંપનીમાં કાનાલુસ કઓાતે હતી. તે વખતે મારી મેસની બાજુમાં કોઇ ઝગડો થયેલો.તેઓના અંદરો અંદરનો મામલો હતો. આ ઝગડો બીજહારી અને પંજાબી માણસો વચ્ચે ઝગડો થયેલો. શું બાબતે ઝગડો થયેલો તેની મને ખબર નથી. આ ઝગડો થતા ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા .પરંતુ ઝગડો કરનાર માણસોને હું ઓળખતો નથિ. અને ઝગડામાં કોણે કોને શૂં મારેલુ તેવીશે હું કાંઇ જાણતો નથી. પોલીશે આ બનાવ વીશે મારી કોઇ પુછ પરછ કરેલ નથી."

આ સાહેદે ફરીયાદ પક્ષ ના કેશને સમર્થન કરેલ નહોય જેથી વી.એ.પી.પી.શ્રીની વીનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને વી.એ.પી.પી.શ્રીએ તેઓની વીગતવારની ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટ તપાસમાં પણ ફરીયાદ પક્ષના કેશને સમર્થનકારી કોઇ હકીકત બહાર આવેલ નથી.

ફરિયાદપક્ષનો તમામ પુરાવો જોતા આરોપીયોને ગુના સાથે સાંકળે તેવો કોઇ પુરાવો આવેલ નથી અને તેથી ફરીયાદપક્ષ વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવામાં

સરેઆમ નિષ્ફળ નિવડેલ છે તેવા તારણ ઉપર હું આવું છું .

આ કામે આરોપીઓની ગેરહાજરીમાં પુરાવો લેવાનો હુકમ થયેલ છે અને આરોપીયો સામે કોઈજ પુરાવો આવેલ નહોય જેથી આરોપીયોને નીર્દોષ ઠરાવવાનો હુકમ હોય જેથી સી.આર.પીસી.કલમ ૩૫૩(૬) હેઠળ આરોડીયોની ગેરહાજરીમાં હુકમ થઇ શકે તેમ છે તે બાબત ધ્યાને લઇ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–//આખરી હુકમ//–**

આ કામના આરોપીઓ **(૧)વીજયસીંગ લાલસાબસીંગ રાજપુત , (૨)બિનોદકુમાર શ્રીરામ પરવીગસીંગ રાજપુત, (૩)રામસીંગ નરેનદ્રસીંગ રાજપુત, (૪)શશીનાથસીંગ ઉર્ફે સોનુ ચંન્દ્રમાસન રાજપુત, (૫) જીતેનદ્રસીમગ શીવપ્રસાદસીંગ રાજપુત, (૬)તરમવીરસીંગ ગરબીતસીંગ મજલી, (૭) જગદીશસીગ કરતાલસીંગ , (૮)સુરજીતસીંગ મંગલસીંગ (૯)શરણબીરસીગ સામતસીંગ જાટ, (૧૦)ધર્મેનદ્રસીંગ કલવતસીંગ મજબી, (૧૧)નિર્મલસીંગ ખજાનસીંગ શીખ, (૧૨)મંગલસીળ હરીસીંગ શીખ, (૧૩)સુખજીતસીંગ જ્ઞાનસીમગ મજબી, (૧૪)બલવતસીંગ ત્રીવેણીસીંગ રાજપુત, (૧૫)પંકજકુમાર લાલસાબ સીંગ, (૧૬)કશ્મીરસીંગ બચનસીંગ શીખ**નાઓને તેઓના વિરૂદ્ધના ઈ.પી.કો. કલમ–**૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૨૩, ૩૨૪, ૩૩૨, ૧૮૬, ૪૨૭, ૩૩૭** મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી ક્રિ.પ્રો.કો.કલમ–૨૪૮(૧)સાથે કલમ ૩૫૩(૬)ની જોગવાઇ ધ્યાને લઇ નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

આ કામના બીન કીમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

આ હુકમ આજ તા.૬, માહે–જુલાઇ સને–૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– લાલપુર
તા.૦૬/૦૭/૨૦૨૬

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ,લાલપુર
યુ.આઇ.સી.નં–જી.જે.૦૦૯૮૬